# રાજ્યના ૧૨૫ તાલુકામાં વરસાદ : સૌથી વધુ કપરાડામાં ૬ ઈંચ

## સુરત અને નવસારીમાં આગામી ૨૭મી અને ૨૮મી જૂનના રોજ ભારે વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે





અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં હાલ વરસાદી માહોલ છવાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં (૨૬મી તારીખ સવારે ૬ વાગ્યા સુધી) રાજ્યનાં ૧૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ ૬ ઈંચ જેટલો વરસાદ વલસાડના ઉમરગામમાં નોંધાયો છે. જોકે, આગામી ચાર દિવસ પણ રાજ્યમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. આ સાથે વલસાડમાં હજી ચાર દિવસ સારો વરસાદ રહેવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે જગતના તાતમાં ખુશીનો માહોલ છવાયો છે. મળતા આંકડા પ્રણાણે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યનાં ૧૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ૫.૬૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે ભાવનગરના ધોધામાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ભરૂચ, સાયલા, ધોરાજીમાં બે ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ સાથે મળતી માહિતી પ્રમાણે, વલસાડના કપરાડા, મોડાસા, બાબરા, રાજકોટ, જૂનાગઢ, સિંહોર, ગોંડલ, બોટાદ, અંકલેશ્વર, કોડીનાર, સૂત્રાપાડા, ગીર, વાપી, વાગરા, માંગપોલ, વેરાવળ, ભાવનગર, બરવાળા, ભેસાણમાં એક ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર ૨૫મીને રવિવારથી પાંચ દિવસ સુધી વલસાડના છૂટાછવાયા વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. ત્યારે સુરત અને નવસારીમાં આગામી ૨૭મી અને ૨૮મી જૂનના રોજ ભારે વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. સુરત-નવસારીમાં આગામી બે દિવસ હળવો વરસાદ પડી શકે છે. તાપી અને ડાંગ જિલ્લામાં ૨૮મી આસપાસ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે ૨૬મી તારીખે રાજ્યમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દાદરાનગર હવેલી, દમણના મોટા ભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે મોરબી, જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, જુનાગઢ, અરેલી, ગીરસોમનાથ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગરના કેટલાક સ્થળોએ પણ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ સાથે કચ્છના કેટલાક સ્થળોએ પણ વરસાદ થઈ શકે છે. અભિમન્યુ ચૌહાણે આગાહી કરતા એમ પણ જણાવ્યુ કે, ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ રહેશે. અમદાવાદમાં પણ આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ૨૭મી તારીખે એટલે મંગળવારે દક્ષિણ ગુજરાતના વલસાડના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અને દમણ, દાદરા નગરમાં ભારે વરસાદની સંભાવના છે.

## પુ.મોરારિબાપુના વ્યાસાસને અતિ દુર્લભ રામકથાનું આયોજન

વેળાવદર, તા.૨૬

પૂ.મોરારિબાપુ રામનામને હવા,પાણી અને પૃથ્વીના સમગ્ર પટલ પર રેલાવી રહ્યાં છે. તેમાં કેટલીક અતિ દુર્લભ કહી શકાય તેવી ઘટનાઓ પણ આકારીત થતી રહી છે. આગામી ૨૨મી જુલાઈથી શરૂ થનારી જ્યોતિર્લિંગ રામકથા તેનો જ એક ભાગ બની રહેવાની છે. પૂ. બાપુએ આકાશ, સમુદ્ર અને સમગ્ર જગતના કોઈ ખૂણામાં રામકથાની ચોપાઈઓ ન સંભળાવી હોય તેવું હવે નથી. ત્યારે હવે આગામી ૨૨ જુલાઈથી ભારતના બાર જ્યોતિર્લિંગમાં કથાનું ગાન થવાનું છે. આ કથા ૧૮ દિવસ ચાલશે. પરંતુ તેનું ગાન દરેક જ્યોતિર્લિંગમાં એક એક દિવસ એટલે કે ૧૨ દિવસ સુધી થશે.કથાના શ્રોતા ભાઈ -બહેનો આ કથા સાંભળવા માટે સ્પેશિયલ રેલ્વે દ્વારા મુસાફરી કરશે. એટલે કે બનારસના વિશ્વનાથ ભગવાનના જ્યોતિર્લિંગની કથા બપોરે પુરી થાય તે દિવસે રવાના થઈ બીજા દિવસે સવારે બીજા જ્યોતિર્લિંગમાં પહોંચશે. આમ દરેક જ્યોતિર્લિંગમા ૧૨ દિવસ કથા ગાન થશે. બાકીના દિવસો મુસાફરી માટેના છે પણ કુલ ૧૮ દિવસ પછી કથા સોમનાથમા તા ૭-૮-૨૩ના વિરામ પામશે અને છેલ્લે ચિત્રકુટધામ તલગાજરડાના દર્શન કરી તા ૮-૮-૨૩ ના રોજ ટ્રેનનો છેલ્લો સ્ટોપ દિલ્હી હશે. આ રીતે દરેક બાર જ્યોતિર્લિંગ એટલે કે ૧૨ દિવસ સુધી કથાગાન થશે સાથોસાથ ભારતના ચાર મુખ્ય યાત્રાધામોને પણ આ કથાના યાત્રા સ્થળમાં આવરી લેવાયેલાં છે. શ્રોતા ભાઈ -બહેનો સ્પેશિયલ આઈઆરસીટીસીની ભારત દર્શન ટ્રેનમાં મુસાફરી કરીને આ કથાનો લાભ મેળવશે. એટલે કે ભારતભરમાં ચાર યાત્રાધામો અને બાર જ્યોતિર્લિંગનોની યાત્રા કથા શ્રોતા ભાઈ બહેનોને પણ થઈ જશે. કુલ મળીને ૮૦૦૦ કિલોમીટરની આ યાત્રા ૭ ઓગસ્ટના રોજ ગુજરાતના છેલ્લાં જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે સંપન્ન થશે. આ કથાના યજમાન તરીકે ઈન્દોરના આદેશ ટ્રસ્ટ સંસ્થા સમગ્ર વ્યવસ્થા આયોજિત કરવામાં આવી રહી છે. પૂ. બાપુની આ કથા" ન ભૂતો ન ભવિષ્યતિ" તેવી થવાની છે. ૨૨ જુલાઈથી ૭ ઓગસ્ટ ૨૩ દરમિયાન યોજાનાર આ કથાયાત્રાને ખૂબ જ આવકાર મળી રહ્યોં છે.



## આજે ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ

### રાજ્યના શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓની શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ ચલચિત્ર તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે એનાયત થશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને આવતી કાલે તા.૨૭ જુનના રોજ ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવશે. આ સમારંભમાં નાણામંત્રીના હસ્તે વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત કરવામાં આવનાર છે. ગુજરાતી ચલચિત્રો તેમજ તેની સાથે સંકળાયેલા કલાકાર-કસબીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકની કચેરી દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ચલચિત્રોને પારિતોષિક અર્પણ કરવામાં આવે છે.ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં વર્ષ ૨૦૧૬-૧૭, વર્ષ ૨૦૧૭-૧૮, વર્ષ-૨૦૧૮ અને વર્ષ-૨૦૧૯ મળી ચાર વર્ષ દરમિયાનની ચલચિત્રોને સમાવવામાં આવી છે.

નવા સચિવાલય,સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે દ્વારકા હૉલમાં સવારે ૯.૩૦ કલાકે યોજાનાર આ સમારોહમાં શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક,શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ વેશભૂષા,શ્રેષ્ઠ સંગીત નિર્દર્શન તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની અલગ અલગ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત કરવામાં આવનાર છે. જેમાં રોંગ સાઈડ રાજુ, હેલ્લારો, કેરી ઓન કેસર, લવની ભવાઈ, ગુજ્જુભાઈઃમોસ્ટ વૉન્ટેડ, કરસનદાસ પે એન્ડ યુઝ, રેવા તેમજ બેસ્ટ ઓફ લક લાલુ સહિતની મુખ્ય ફિલ્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રૂ.૨૧ હજારથી લઈને રૂ.૨.૫૦ લાખની મર્યાદામાં અલગ અલગ શ્રેણીમાં પારિતોષિકની રકમનું ચૂકવણું અગાઉથી જ આ કલાકારોને કરી દેવામાં આવ્યું છે. ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં પ્રતિક ગાંધી, જિગરદાન ગઢવી, રાહુલ ભોલે, અભિષેક જૈન, અભિષેક શાહ, કિર્તીદાન ગઢવી, વિપુલ મહેતા, મલ્હાર ઠાકર, આરોહી પટેલ, સાધના સરગમ, સુપ્રિયા પાઠક તેમજ સિધ્ધાર્થ રાંદેરિયા સહિતના ખ્યાતિપ્રાપ્ત કલાકાર-કસબીઓ ઉપસ્થિત રહેશે. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાનાર આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તેમજ માહિતી નિયામક શ્રી ડી.કે.પારેખ ઉપસ્થિત રહેશે.

## ગાંધીનગરની ફૂડ ટીમ દ્વારા ઊંઝા ખાતે ૩,૬૮૦ કિ.ગ્રા. બનાવટી જીરુંનો જથ્થો જપ્ત

### વરિયાળી ઉપર પાવડર અને ગોળની રસી ચડાવી ડુપ્લીકેટ જીરું બનાવનારા તત્વો સામે સરકારની લાલ આંખ : ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડો. એચ. જી કોશિયા

ગાંધીનગર, તા.૨૬

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડો. એચ. જી કોશિયાએ જણાવ્યું હતું કે ગાંધીનગરની ફૂડ ટીમ દ્વારા ઊંઝા ખાતે રૂ.૨.૧૪ લાખથી વધુની કિંમતનો ૩,૬૮૦ કિ.ગ્રામ. બનાવટી જીરુંનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી કોશિયાએ કહ્યું હતું કે, ગાંધીનગરની ફૂડ ટીમ દ્વારા બનાવટી જીરું અંગે ઊંઝામાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. જેમાં કૌભાંડ આચરનાર વેપારી પટેલ મહેન્દ્રભાઈ મફતલાલ, મકતુપુર-સુણોક રોડ, મુ-મકતુપુર, ઊંઝાની પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ ઉપર બનાવટી જીરાનું ઉત્પાદન થતું જોવા મળ્યું હતું. આ પેઢીમાં સઘન તપાસ હાથ ધરતા ઝીણી વરિયાળીમાં બ્રાઉન પાઉડર અને ગોળની રસી ભેગી કરી બનાવટી જીરું બનાવતા હોવાનું જાણવા મળ્યું હતું, જે જીરામાં ભેળસેળ કર્યાનું પ્રાથમિક દ્રષ્ટીએ જોવા મળ્યું છે. તપાસ દરમિયાન સ્થળ પર ‘‘ગોળની રસી’’નો ૧૦૦ લીટર જથ્થો, ‘‘બ્રાઉન પાઉડર’’ નો ૩૫૦ કિલોગ્રામ જથ્થો, ઝીણી વરીયાળીનો ૬૩૦ કિલોગ્રામ જથ્થો અને બનાવટી જીરાનો ૨૭૦૦ કિલોગ્રામ જથ્થો ટીમ દ્વારા સ્થળ પર જ હાજર સ્ટોકમાં પકડી પાડવામાં આવ્યો છે.

તેમણે કહ્યું હતું કે, સ્થળ પરથી જીરું- ૦૧, ગોળની રસી (એડલટ્રન્ટ) -૦૧, બ્રાઉન પાઉડર (એડલટ્રન્ટ) – ૦૧ અને ઝીણી વરિયાળી (એડલટ્રન્ટ) -૦૧ મળીને કુલ- ૦૪ કાયદેસરના નમૂનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. ગોળની રસીના જથ્થાનો સ્થળ પર જ પારી દ્વારા સ્વેચ્છાએ નાશ કરવામાં આવ્યો હતો અને બાકીનું બનાવટી જીરું, બ્રાઉન પાઉડર અને ઝીણી વરિયાળીનો કુલ ૩,૬૮૦ કિલોગ્રામનો જથ્થો કે જેની કિંમત રૂ. ૨,૧૪,૧૫૦/- થવા જાય છે તે જથ્થો કાયદા મુજબ જપ્ત કરવામાં આવ્યો છે. વધુમાં આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે તેમ કમિશનરશ્રીએ વિગતો આપતા કહ્યું હતું.

## ધો-૧૨ની વિદ્યાર્થીનીનું શાળામાં હાર્ટએટેક આવતાં મોત

### રિશેષમાં બેહોશ હાલતમાં મળી : વિદ્યાર્થીનીનું હૃદય અચાનક બંધ પડી ગયુ હતું : સારવાર મળે તે પહેલા મોતને ભેટી હતી : શાળામાં ગમગીનીનો માહોલ

નવસારી, તા.૨૬

હવે નાની ઉંમરના લોકોમાં પણ હાર્ટએટેકનો ખતરો વધી રહ્યો છે. નવસારીમાં ધોરણ ૧૨ માં ભણતી ૧૭ વર્ષની વિદ્યાર્થીની ચાલુ શાળામાં હાર્ટએટેક આવ્યો હતો. વિદ્યાર્થીનીનું હૃદય અચાનક બંધ પડી ગયુ હતું. તેને સારવાર મળે તે પહેલા જ તે મોતને ભેટી હતી.

નવસારીની જાણીતી એ.બી. સ્કૂલમાં આજે રિસેસ દરમિયાન એક વિદ્યાર્થીની બેહોશ હાલતમાં મળી હતી. ધોરણ ૧૨ માં ભણતી આશાસ્પદ વિદ્યાર્થીની તનીષા ગાંધીને અચાનક ખેંચ આવી હતી. જેથી તેને હોસ્પિટલમાં સારવાર માટે તાત્કાલિક અસરથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તબીબોએ તનીષા ગાંધીને મૃત જાહેર કરી હતી.

તબીબોના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થિની તનિષા ગાંધીને હૃદયરોગનો હુમલો આવતા તેનું મોત નિપજ્યુ છે. શાળામાં રિસેસ દરમિયાન વિદ્યાર્થિની તનિષાને હૃદય રોગનો હુમલો આવ્યો હતો. માત્ર ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીનું હૃદય અચાનક બંધ પડી જતાં મોત થયુ હતું. વિદ્યાર્થિનીના મોત મામલે શાળાએ દિલસોજી વ્યકત કરી હતી. ઉલ્લેખનીય છે કે, એ. બી. સ્કૂલની વિદ્યાર્થીની ઉપરાંત ધોરણ ૮ માં ભણતા વિદ્યાર્થીને પણ ખેંચ આવવાની ઘટના બની હતી. ખેંચ આવેલા વિદ્યાર્થીને સાજો થઈ જતા રજા આપવામાં આવી હતી. પરંતુ તનિષા ગાંધી બચી ન શકી. આજકાલ હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. આવામાં જો તમે નાની ઉંમરમાં હાર્ટ એટેકનો શિકાર થવા ન માંગતા હોવ તો આજથી જ કેટલાક નિયમોનું પાલન કરવાનું શરૂ કરી દો. વર્તમાન જીવનશૈલીને નાની ઉંમરે હૃદય સંબંધિત સમસ્યા અને હાર્ટ એટેકના કેસ પણ વધી રહ્યાં છે. હાઈ બ્લડ પ્રેશરથી તેની શરૂઆત થાય છે. ઉૐના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૧.૨૮ અરબ લોકો હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. પરંતુ એમાંથી ૪૬ ટકા લોકોને ખબ જ નથી કે તેઓ હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. જ્યારે લોકો કોઈ સમસ્યાની સારવાર માટે જાય છે, ત્યારે તેમને ખબર પડે છે કે તેમને હાઈ બીપી છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ૨૦ થી ૩૦ વચ્ચે જો આ વાતોનું ધ્યાન રાખવામાં આવે તો હાર્ટએટેકનું જોખમ ઘટાડી શકાય છે.

### ૧૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિની સમીક્ષા કરી હતી. ખાસ કરીને જે બાળ દર્દીઓ મળી રહ્યા છે તેને લઈ બાળકોના ડૉક્ટરો સાથે ચર્ચા કરી જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યુ હતુ.

કલોલમાં ઉભી થયેલી રોગચાળાની સ્થિતિને ધ્યાને લઈ અસરગ્રસ્ત વિસ્તારોમાં આજે પણ ટેન્કરથી પાણીનો પુરવઠો આપવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટરે પણ આજે સ્થિતિને લઈ સમીક્ષા બેઠક યોજી હતી તેમજ કેટલાક સૂચનો કર્યા હતા.

### ફેન્સીંગ બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણો વધતા અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. જો કે વનતંત્ર દ્વારા અગાઉ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ હાલ પણ વન વિસ્તારમાં દબાણોનુ અસ્તિત્વ છે. ત્યારે નવા રોપાઓની વાવણી સાથે દબાણો દુર કરવા પણ અનિવાર્ય છે. બીજીતરફ શહેરમાં રખડતી નીલગાયનો ત્રાસ પણ વધુ છે. જેના લીધે વન વિસ્તારમાં નવા રોપાઓની જાળવણીનુ કામ પણ અઘરુ બન્યુ છે શહેરમાં વન વિસ્તાર કંગાળ હાલતમાં જોવા મળે છે. વન વિસ્તારની તુટેલી ફેન્સીંગ યોગ્ય કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી.

જયારે હવે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણીના આયોજન સાથે શહેરમાં લાંબા સમયથી તુટેલી હાલતમાં જોવા મળતી વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. નગરના જ માર્ગ પર ફેન્સીંગની કામગીરી કરવામાં આવી છે. જયારે શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં પણ નવી ફેન્સીંગ કરવા માટે દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. સિમેન્ટના થાંભલાની નવી ફેન્સીંગ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે નવા રોપાઓની વાવણી માટે પણ વનતંત્રએ તૈયારી શરૂ કરી દીધી છે. જેમાં લીમડા, કણજી, ગરમાળો, ગુલમહોર સહીતના નવા રોપાઓની વાવણી કરાશે.

### અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા માટે પણ નિગમે તૈયારી દર્શાવી છે. અલબત્ત જગ્યા પણ આપી દેવામાં આવી છે. પરંતુ જિલ્લા પોલીસ તંત્ર બિન્દાસ્ત બનેલા આ ખિસ્સા કાતરુઓનો હાથ પકડવા માટે જરા પણ હરકતમાં આવ્યુ નથી જેના લીધે જ રોજબરોજ ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લે છે. પાટનગરમાં બહારથી આવતા મુલાકાતીઓના ગમે ત્યારે ખિસ્સા ખાલી થઈ જાય છે. પરંતુ કોઈ એકશન નથી.

બીજીતરફ સલામતી અને વ્યવસ્થાના મુદ્દે છેવાડાના ગામ સમા પાટનગરના ડેપો સંકુલમાં મુસાફરોને પુરતી સુવિધા મળે તે માટે પણ યોગ્ય આયોજન કરવામાં નિરસતા દાખવવામાં આવી રહી છે. સ્માર્ટ બનતા શહેરમાં વિકાસના અનેક પ્રોજેકટો કાર્યરત છે. પરંતુ ડેપોને સ્માર્ટ બનાવાની યોજના હજુ સુધી પણ હાથ ધરવામાં આવી નથી. શહેરના એસ ટી ડેપો જયાં શહેર તેમજ બહારના સંખ્યાબંધ મુલાકાતીઓની અવરજવર રહે છે તેનો વિકાસ કરવા અને ડેપોને હાઈટેક બનાવવા માટે આયોજન થાય તે અનિવાર્ય છે. જો કે હાલ ડેપોમાં રીનોવેશનની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ટુંકમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### મેઘતાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડવાની ઘટનામાં યુવકની સાથે પશુઓએ પણ જીવ ગુમાવ્યો છે. હજુ આગામી ૨૪ કલાક સુધી અહીં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સતત વરસી રહેલા વરસાદના કારણે ભૂસ્ખલન પણ થઈ રહ્યું છે. આની સીધી અસર ગંગોત્રી અને યમુનોત્રી હાઈવે સહિતના માર્ગો પર પડ્યો છે. અહીં વાહનવ્યવહાર થંભી ગયો છે. એટલું જ નહીં કેદારનાથ યાત્રા પણ રવિવારે થોડા સમય માટે સ્થગિત રાખી હતી. તો બીજી બાજુ રવિવારે સવારે દેહરાદૂનના જોલી ગ્રાન્ટ એરપોર્ટ પર ભારે વરસાદને કારણે ૨ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી. હરિદ્વારમાં અત્યારે રસ્તાઓ પર પાણી ફરીવળ્યું છે. જ્યારે લોકોના ઘરોમાં તથા હોસ્પિટલોમાં પણ પાણી ભરાઈ ગયા છે. હોસ્પિટલમાં તો ઓપીડી પણ બંધ કરવાની ફરજ પડી છે.

### પીઓકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનિય છે કે, છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકળામણે પાકિસ્તાનની કમર તોડી નાખી છે... તો રાજકીય મોરચે પણ પાકિસ્તાન કફોડી સ્થિતિ જોવા મળી છે. આ તમામ બાબતો વચ્ચે પીઓકેમાં પણ પાકિસ્તાનની સત્તા વિરુદ્ધ પ્રદર્શનો થતા રહે છે. આ જ કારણે પીઓકેમોરચા પર ભારત સરકારની નજર રહેલી છે, ત્યારે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે આપેલું નિવેદન ખુબ જ મહત્વનું બની જાય છે.

રાજનાથ સિંહે પાકિસ્તાનની સાથે સાથે ચીન પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સરહદ પર ચીન હંમેશા ધમપછાળા કરતું રહ્યું છે, પરંતુ ચીને ભારતીય જમીન પર કબજો જમાવ્યો હોવાનો દાવો ખોટો છે.

## સૌરાષ્ટ્રમાં જીરૂના ઐતિહાસિક ભાવ બોલાતા ખેડૂતો ખુશ

જામનગર, તા.૨૬

છેલ્લા કેટલાક સમયથી જામનગર સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જીરુના ઉંચા ભાવ મળી રહ્યા છે. જીરૂના રેકોર્ડ બ્રેક ભાવ મળતા ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે જામનગર, ખંભાળિયા અને જામજોધપુર સહિતના માર્કેટયાર્ડમાં જીરાના ભાવ નિતનવા ઈતિહાસ રચી રહ્યા છે. ત્યારે આજે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ઈતિહાસમાં ક્યારેય ન થયા હોય તેવા જીરુંના મણદીઠ ઐતિહાસિક ભાવ ૧૧, ૮૦૦ નોંધાતા ખેડૂતોમાં આનંદની હેલી જામી હતી. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જામનગરના ભાવની વાત કરવામાં આવે તો જીરૂના સૌથી નીચા ભાવ ૯,૫૦૦ થી સૌથી ઊંચા ભાવ ૧૧,૮૦૦ નોંધાયા હતા. જએ હાપા માર્કેટિંગ યાર્ડના ઈતિહાસના ઓલ ટાઈમ ભાવ છે. આ મામલે હાપા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી હિતેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે ૧૩૮ ખેડૂતો જીરૂનો પાક લઈ અને વેચવા માટે આવ્યા હતા. પરિણામે યાર્ડમાં ૧૬૫૯ ગુણી એટલે કે ૪,૯૭૭ મણની આવક થવા પામી હતી. આમ ૧૧,૮૦૦ રૂપિયા જેટલો અગાઉ ક્યારેય ન મળ્યો હોય તેવો ભાવ મળતા ખેડૂતો ગેલમાં આવી ગયા હતા. મહત્વનું છે કે છેલ્લા અઠવાડિયાથી જીરુંના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. પરિણામે દિવસેને દિવસે જીરુંના ભાવમાં ૫૦૦ થી લઈને હજાર રૂપિયા સુધીનો વધારો નોંધાઈ રહ્યો છે.